દાખલ તારીખ : ૦૯/૦૭/૨૦૨૪
રજી. તારીખ : ૦૯/૦૭/૨૦૨૪
ફેંસલ તારીખ : ૧૪/૦૫/૨૦૨૬
સમય: વર્ષ– ૦૧ , માસ–૧૦ દિવસ–૦૫

આંક :

**ફોર્મ–એ**

| | |
|---|---|
| **ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટમાં, મેંદરડા**<br><br>**સમક્ષ : કૃષ્ણ સિંહ રાઠોર**<br>**ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ**<br><br>**જજમેન્ટ તારીખ : ૧૪/૦૫/૨૦૨૬**<br><br>**ફોજદારી કેસ નંબર : ૩૧૮/૨૦૨૪**<br>**એફ.આઈ.આર.નં.૧૧૨૦૩૦૩૯૨૪૦૧૪૬/૨૦૨૪.**<br>**પોલીસ સ્ટેશન : મેંદરડા.** | |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | કે.બી.ટાંક |
| આરોપી પક્ષ | વિનયભાઈ ડાયાભાઈ કાલરીયા,<br>રહે. રાજકોટ, અંબીકા ટાઉનશીપ સીટી કલાસીક, એ–૬૦૧, તા.જિ.રાજકોટ<br>મુળ રહે.ધણેજ(બાકુલા), તા.તાલાળા, જિ.ગીર સોમનાથ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એન.આર.ગુજરીયા |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૩/૦૪/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૪/૦૪/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૦૭/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૨૩/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૦૩/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૪/૦૫/૨૦૨૬ |
| સજા હુમની તારીખ, જો હોય તો | લાગુ પડતું નથી. |

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શુ નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિનયભાઈ ડાયાભાઈ કાલરીયા, | ૪/૫/૨૪ | ૪/૫/૨૪ | આઈ.પી.સી.કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪, મુજબ. | નિર્દોષ | – | – |

**<u>ફોર્મ–સી</u>**

**<u>:: સાહેદોનું લીસ્ટ ::</u>**

**<u>અ.ફરીયાદ પક્ષ તરફે સાહેદો :</u>**

| આંક | વિગત |
|---|---|
| ૦૬ | ફરીયાદી બાબુભાઈ હરીભાઈ ડોબરીયાની જુબાની. |
| ૦૯ | સાહેદ નિલેશભાઈ બાબુભાઈ ડોબરીયાની જુબાની. |
| ૧૦ | સાહેદ ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયાની જુબાની. |
| ૧૨ | સાહેદ શશીકાંતભાઈ રૈયાભાઈ કચાડાની જુબાની. |
| ૧૩ | સાહેદ ગોવિંદભાઈ રાણાભાઈ સોંદરવાની જુબાની. |
| ૧૫ | પંચ સાહેદ હાર્દિકભાઈ જયંતીભાઈ ખુંટની જુબાની. |
| ૧૭ | પંચ સાહેદ દિવ્યેશભાઈ ધીરજલાલ ખુંટની જુબાની. |
| ૧૯ | સાહેદ વૈભવભાઈ બાલુભાઈ બોરડની જુબાની |
| ૨૯ | ત.ક.અ. શૈલેષભાઈ દિપકભાઈ સોંદરવાની જુબાની |

| | |
|---|---|
| ૧૬ | પંચ જયોતીબેન વિજયભાઈ કાંજીયાની જુબાની |
| ૧૯ | ત.ક.અ.મેરામણભાઈ રામાભાઈ વાળાની જુબાની. |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::**

**અ.ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો**

| આંક | વિગત |
|---|---|
| ૦૭ | અસલ ફરીયાદ. |
| ૧૬ | બનાવવાળી જગ્યાનું પંચનામુ. |
| ૨૦,૨૧ | એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૨૨,૨૩ | ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૨૪,૨૫ | ઈન્જરી સર્ટીફીકેટ |
| ૩૦ | ડી.ઓ. લેટર |
| ૩૧ | ડેપ્યુટ હુકમ |
| ૩૨ | વાહનની આર.સી. બુકની નકલ |
| ૩૩ | વાહનની વીમા પોલીસીની નકલ |
| ૩૪ | વાહનની આર.સી. બુકની નકલ |
| ૩૫ | આરોપીના આધારકાર્ડની નકલ |
| ૩૬ | પ્રથમ અકસ્માત અહેવાલ (FAR) |

બ. બચાવ પક્ષ : નથી.

ક. ન્યાયાલય : નથી.

ડ. ભૌતિક વસ્તુઓ: નથી.

**-: ચુ કા દો :-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૩/૦૪/૨૦૨૪ ના રાત્રીના આશરે ક.૨૧/૦૦ થી ક.૨૧/૩૦ વાગ્યાની આસપાસ મેંદરડા સાતવડલા વિસ્તારમાં અંબાળા રોડ આ કામના ફરિયાદી તથા સાહેદ નં.૭ તેનુ મોટર સાયકલ જેના રજી.નં.GJ-11-CN-8965 વાળુ લઈને મેંદરડા સાતવડલા

વિસ્તારની સીમમાં આવેલ તેની વાડીએ જતા હોય ત્યારે મેંદરડાથી થોડે દુર સાતવડલા વિસ્તારમાં પહોંચતા સામેથી આરોપીને પોતાના હવાલાની ફોરવ્હીલ કાર જેના નં.GJ-03-LB-2293 નો ચાલક પુરઝડપે બેફીકરાઈથી પોતાની ફોરવ્હીલ ચલાવી આવી ફરિયાદીની મોટરસાયકલ સાથે ભટકાવી ફરિયાદીને બન્ને હાથમાં છોલાણ તથા બન્ને પગમાં મુંઢ ઈજા તથા સાહેદ નં.૭ ને ખંભાના ભાગે તથા કમરમા ફેકચર કરી ફરિયાદી તથા સાહેદ નં.૭ ને શરીરે નાની મોટી ઈજાઓ કરી, ગુન્હો કરેલ હોવા સંદર્ભે ફરીયાદીની ફરીયાદ આધારે મેંદરડા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ છે અને તપાસના અંતે તપાસનીસ પોલીસ અધીકારીએ હાલના આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

( ૨ ) આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક–૩ થી તહોમતનામું ફરમાવી, આંક–૪ થી આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર આવેલ છે.

( ૩ ) આ કામે ફરીયાદ પક્ષે ફોર્મ–સી મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

( ૪ ) આ કામે ફરીયાદપક્ષના પડેલ પુરાવા અન્વયે આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

( ૫ ) આ કામે બંને પક્ષ તરફેની વિગતવાર દલીલો સાંભળવામાં આવેલ છે.

( ૬ ) ઉપરોકત હકીકતે સદર કેસનાં નિકાલ માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૩/૦૪/૨૦૨૪ ના રાત્રીના આશરે ક.૨૧/૦૦ થી ક.૨૧/૩૦ વાગ્યાની આસપાસ મેંદરડા–સાતવડલા વિસ્તારમાં અંબાળા રોડ આ કામના ફરિયાદી તથા સાહેદ નં.૭ તેનુ મોટર સાયકલ જેના રજી.નં.GJ-11-CN-8965 વાળુ લઈને મેં દરડા સાતવડલા વિસ્તારની સીમમાં આવેલ તેની વાડીએ જતા હોય ત્યારે મેંદરડાથી થોડે દુર સાતવડલા વિસ્તારમાં પહોં ચતા સામેથી આરોપીને પોતાના હવાલાની ફોરવ્હીલ કાર જેના નં.GJ-03-LB-2293 નો ચાલક પુરઝડપે બેફીકરાઈથી પોતાની ફોરવ્હીલ ચલાવી આવી ફરિયાદીનીમોટરસાયકલ સાથે ભટકાવી ફરિયાદીને બન્ને હાથમાં છોલાણ તથા બન્ને પગમાં મુંઢ ઈજા તથા સાહેદ નં.૭ ને ખંભાના ભાગે તથા કમરમા ફેકચર કરી ફરિયાદી તથા સાહેદ નં.૭ ને શરીરે નાની મોટી ઈજાઓ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબનો ગુન્હો કરેલ કરેલ છે ?

૨ : શું હુકમ ?

( ૭ ) ઉપરોકત મુદા પરત્વેનાં મારા નિર્ણય અને તેના કારણો નીચે મુજબ છે.

–:: નિ ર્ણ યો ::–

૧ : નકારમાં

૨ : આખરી હુકમ મુજબ.

–<u>:: નિર્ણય અંગેના કારણો ::–</u>

**<u>મુદા નં.૧ :–</u>**

(૮) આ કામના ફરિયાદપક્ષની હાલની ફરિયાદ પુરવાર કરવાની જવાબદારી તેમના માથે છે. હાલનો કેસ અકસ્માતનો કેસ છે. હવે પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સૌપ્રથમ ફરિયાદપક્ષે ફરિયાદી બાબુભાઈ હરીભાઈ ડોબરીયા નાઓએ આંક–૬ થી સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેમનો અકસ્માત તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ મેંદરડા સાત વડલા અમરાપુર રોડ પર આશરે રાત્રીના પોણા દસ વાગ્યાના અરસામાં થયેલો. તેઓ માનપુરથી મેંદરડા થઈ અમરાપુર અમારી વાડી તરફ ટુ વ્હીલર મો.સા. જેના નં.જીજે.૧૧.સીએન.૮૯૬૫ લઈને જતા હતા જે ચીમનભાઈ ચલાવતા હતા અને તેઓ પાછળ બેઠા હતા. તેઓ જતા હતા ત્યારે અમરાપુર તરફથી એક ફોર વ્હીલ આવતી હતી તે પુરઝડપે આવતી હતી. તેની સાઈડથી એક ખુંટ (સાંઢ) રોડ પર આવેલ અને તેને પોતે કાવો (ઓવરટેક) મારી નીકળી જશે તેવુ જણાતા તે કાવો મારી સીધાજ તેમની તરફ આવી તેઓની મોટર સાયકલ સાથે અથડાઈ ગયેલ. જેથી તેઓ રોડ પર ફેકાઈ ગયેલા. તેમને બંન્ને પગમાં અને જમણા હાથમાં ઈજાઓ થયેલી બંન્ને પગમાં ફ્રેકચર થયેલ છે. તેમની સાથેના ચીમનભાઈને કમર અને ખભાના ભાગે ઈજાઓ થયેલી. અકસ્માત થતા આજુબાજુમાંથી લોકો ભેગા થઈ ગયેલા અને તેમાંથી એક માણસ તેમના ગામના હોય તેઓએ તેમના દિકરા દિનેશભાઈને તેમના ફોનમાંથી ફોન કરી જાણ કરેલી. ત્યારબાદ અમોને ૧૦૮ આવી જતા તેઓને પ્રથમ સિવિલ હોસ્પીટલ મેંદરડા ખાતે લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે ડો. નિકંજ ઠુંમરને ત્યાં લઈ ગયેલા. તેઓની સાથે અકસ્માત કારના નંબર શુ હતા તેનો કલર કેવો હતો તેના ચાલક કોણ હતા તેની તેઓને જાણ નથી. આ કામની ફરિયાદ તેઓને આપેલી અસલ ફરિયાદ તેમને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૦૭ થી રજુ રાખેલ છે.

સદર ફરિયાદી આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, પોલીસમાં ફરિયાદ તેમના દિકરાએ લખાવેલી. અકસ્માત સ્થળની આજુબાજુ રહેણાંકના મકાનો

આવેલા છે. અકસ્માત થતા ત્યાં ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા. તેઓનું ટુ વ્હીલ તેઓ ચલાવતા હતા. તેઓનું વાહન ડાબી સાઈડમાં ચલાવતા હતા.

(૯) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૯ થી સાહેદ નિલેશભાઈ બાબુભાઈ ડોબરીયા નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, આ કામના ફરીયાદી બાબુભાઈ તેમના પિતા થાય છે તેમજ આ કામે ઈજા પામનાર સાહેદ તેમના કાકા થાય છે. તેઓનો અકસ્માત આશરે એકાદ વર્ષ પહેલા સાત વડલા પાસે સાંજે સાડા આઠેક વાગ્યાના અરસામાં થયેલ. બનાવના દિવસે તેમના કાકા તથા પિતા માનપુરથી તેઓની વાડી બાબરતીર્થ ટુ વ્હીલર લઈને જતા હતા જે ટુ વ્હીલર તેમના પિતાની હતી જેના નંબર તેમને યાદ નથી. તેઓનો અકસ્માત એક ફોરવ્હીલ સાથે થયેલ. આ ફોરવ્હીલ કેવા કલરની હતી, તેના નંબર શુ હતા, તેના ડ્રાઈવર કોણ હતા તેની તેઓને જાણ નથી. અકસ્માત સમયે તેઓ ઘરે હતા. આ અકસ્માતની જાણ તેઓને ગામના કોઈ એક વ્યકિતનો ફોન આવતા થયેલ. જાણ થતા તેઓ મેદરડા સરકારી દવાખાને ગયેલ. તેમના પિતાને અકસ્માત દરમ્યાન બંને પગમાં, હાથમાં તેમજ માથામાં ઈજાઓ થયેલ. તેમના કાકાને અકસ્માત દરમ્યાન એક હાથમાં, ખભા પર તથા કમરમા ઈજાઓ થયેલ. બનાવ બનવાનુ કારણ તેઓ જાણતા નથી. પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ નહી.

ફરિયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવતા નથી. આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, મેંદરડા અંબાળા રોડ પર રાત્રીના સમયે વાહનોની અવર જવર ચાલુ હોય છે. આ સાત વડલા નજીક અકસ્માત વાળા સ્થળની આસપાસ રહેણાક મકાનો આવેલ છે. મેંદરડા અંબાળા રોડ પર ગોળાઈ વાળો રસ્તો આવેલ છે. કહેવાતો બનાવ તેઓએ નજરે જોયેલ નથી. પોલીસે તેમની પુછપરછ કઈ તારીખે કરેલ તે તેમને યાદ નથી.

(૧૦) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયા નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેઓનો અકસ્માત

તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ આશરે ૯.૦૦ થી ૯.૧૫ ના સમયગાળા દરમ્યાન બાબરતીર્થ તરફ સિમેન્ટના કારખાના પાસે બનેલ. બનાવના દિવસે તેઓ માનપુરથી મેંદરડા આવી તેમના કાકાના દીકરાની વાડીએ બાબરતીર્થ તરફ મો.સા. લઈને જતા હતા. જે મો.સા.ના નંબર તેમને યાદ નથી. મો.સા. તેઓ ચલાવતા હતા. તેમની સાથે તેમના કાકાના દિકરા બાબુભાઈ બેસેલ હતા. અમે તેઓની સાઈડમાં શાંતીથી જતા હતા દરમ્યાન સામેથી એક ફોરવ્હીલ પુરપાટ ઝડપે આવતી હતી તેણે સાઈડમા એક ગાય ઉભેલી હોય તે જોઈ નહી હોય, અને બ્રેક મારવાના બદલે તેઓની સાઈડ તરફ કાવો મારો તેઓને ઉડાડી દીધેલે. ગાડી ભટકાઈ ગયેલ અને તેઓ બંને ભાઈઓ પડી ગયેલ. આ અકસ્માતમાં તેમને કમરમાં ફેકચર થયેલ તેમજ જમણા ખંભામાં ઈજા થયેલ તેમજ આખા શરીરે મુઢ માર વાગેલ. તેમજ બાબુભાઈને બંને પગમાં તથા કમરમાં તથા હાથમાં ફેકચર થયેલ. અકસ્માત થતા ૧૦૮ મારફત પ્રથમ મેદરડા સરકારી દવાખાને સારવારમાં લાવેલ અને ત્યાંથી તેઓને કે જે હોસ્પીટલ ગયેલ ત્યાં કોઈ ડોકટર હાજર ન હોઈ એકટીવ હોસ્પીટલ ખાતે સારવારમાં ગયેલ. તેઓને અકસ્માત કરનાર સામેથી આવતી કારનો કલર કાળો ગ્રે કલર હતો. જેના નંબર જીજે–૩–એલબી કે બીએલ ૨૨૯૩ હતા. તેના ચાલકને તેઓએ જોયેલ નહી. તેઓને પછીથી જાણવા મળેલ કે માળીયા બાજુના હતા. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલ.

સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, પોલીસે તેમને નિવેદન વાંચીને સંભળાવેલ નહી. તેઓ જે મો.સા. ચલાવતા હતા તે કાળા કલરનું હતુ. તેના નંબર શુ હતા તે તેમને યાદ નથી. અકસ્માત કરનાર વાહનના નંબર તેઓએ બનાવ સ્થળે જોયેલ. કહેવાતા બનાવ સમયે તેઓ સભાન હતા. મેંદરડા સરકારી દવાખાને તેઓ પહોંચેલ ત્યાં સરકારી દવાખાને ડોકટર સાહેબને તેઓએ આ ફોરવ્હીલ ગાડીના નંબર જણાવેલ નથી. એકટીવ હોસ્પીટલ ગયેલ ત્યા તેઓએ ડોકટર સાહેબને ફોરવ્હીલ ગાડીના નંબર જણાવેલ નથી. તેઓએ પોલીસને ફોરવ્હીલ ગાડીના નંબર જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે તેમના કાકાના દિકરા દિનેશભાઈએ જણાવેલ. પોલીસે તેમનું નિવેદન

કઈ તારીખે લીધેલ તેની તેમને ખબર નથી. સાહેદ જણાવે છે કે તેઓ હોસ્પીટલ હતા. અકસ્માત જે સ્થળે બનેલ ત્યાં ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલ હતા. બનાવ વાળો રસ્તો સીંગલ પટી રસ્તો છે. ૧૦૮ ને તેમના કાકાના દિકરાએ ફોન કરેલ.

(૧૧) ફરિયાદપક્ષે આંક–૧૨ થી સાહેદ શશીકાંતભાઈ રૈયાભાઈ કચાડા નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, હાલનો બનાવ આશરે એકાદ વર્ષ પહલા બનેલ. કયા માસમાં બનેલ તે તેમને હાલ યાદ નથી. પરંતુ તે દિવસે હનુમાન જયંતિ હતી. બનાવની જાણ તેઓને બાબુભાઈના દિકરા નિલેશભાઈએ કરેલ. તેઓ નિલેશભાઈ તથા ગોવિંદભાઈની સાથે બનાવના સ્થળે ગયેલ. બનાવ સ્થળે એક મો.સા. પડેલ જે બાબુભાઈની હતી જેના નંબર તેઓને ખ્યાલ નથી. તેઓ પહોંચેલ તે પહેલા બાબુભાઈ ચીમનભાઈને દવાખાને લઈ ગયેલ હતા. બીજા દિવસે તેઓ જુનાગઢ દવાખાને બાબુભાઈને મળવા ગયેલ. જયાં બાબુભાઈને જમણા હાથમાં તથા ડાબો કે જમણા પગમાં ફેકચર થઈ ગયેલ હતા. તેઓને જાણવા મળેલ કે આ મો.સા.નો અકસ્માત એક ફોર વ્હીલ ગાડી કે જેના નંબર તેમને યાદ નથી તેની સાથે સાત વડલા વિસ્તાર મેંદરડામાં થયેલ. પોલીસે તેઓની પુછપરછ કરેલી.

સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, કહેવાતો બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી. તેઓ બનાવ સ્થળે બે થી ત્રણ દિવસ પછી ગયેલ. સાહેદ જણાવે છે કે, બાબુભાઈ તેમના મીત્ર થાય છે. એ વાત ખરી છે કે પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ નથી.

(૧૨) ફરિયાદપક્ષે આંક–૧૩ થી સાહેદ ગોવિંદભાઈ રાણાભાઈ સોંદરવા નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, હાલનો બનાવ આશરે એકાદ માસ પહેલા રાત્રીના નવેક વાગે બનેલ. તે વખતે તેઓ તેમના ઘરમાં બેઠા હીંડોળા પર બેઠેલ હતા ત્યારે તેમના ઘરના ડેલાની સામે ભટકવાવાનો અવાજ આવતા તેઓ બહાર જઈ જોયુ તો એક મો.સા. ભટકાયેલ જોવા મળેલ અને તેઓએ જોયેલ કે આ મો.સા. પર બે માણસો હતા જે અંબાળા બાજુથી આવતા હતા અને તેઓ માનપુર ગામના રહીશ હોવાનુ જણાવેલ. આ લોકો બળદ સાથે ભટકાતા રોડથી

નીચે ખાડામાં પડી ગયેલ જેને તેઓએ ખાડામાંથી બહાર કાઢેલ. આ બનાવમાં ભોગ બનનારને કઈ કઈ ઈજાઓ થયેલ તે તેઓએ જોયેલ નથી. આ મો.સા. પાછળ કોઈની ફોરવીલ ગાડી આવેલ જેમાં આ ઈજા પામનારને મેંદરડા સરકારી દવાખાને લઈ ગયેલ. પોલીસે તેઓની પુછપરછ કરેલ.

સદર સાહેદની આરોપી તરફે ઉલટતપાસ નથી.

(૧૩) ફરિયાદપક્ષે આંક–૧૫ થી પંચ સાહેદ હાર્દિકભાઈ જયંતીભાઈ ખુંટ નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા તેઓને આ કામના ફરિયાદીના કહેવાથી તેઓ મેંદરડા સાત વડલા વિસ્તારમાં એકસીડન્ટ થયેલ હોય પંચમાં રહેવા જણાવેલ જેથી તેઓ પંચમાં રહેવા ત્યાં ગયેલા. બનાવના બીજા દિવસે તેઓ પંચમાં રહેવા ગયેલા બનાવ સ્થળે તેઓ સવાર અને બપોરની વચ્ચે તેઓ બનાવ સ્થળે ગયેલા. બનાવ સ્થળે તેઓ પહોંચતા ત્યાં પોલીસ વાળા તેમજ નિલેશભાઈ હાજર હતા. નિલેશભાઈ આગળ ચાલી તેઓને બનાવવાળી જગ્યા બતાવેલ જગ્યા જોતા તેઓએ જગ્યા જોયેલ જે જગ્યા સાત વડલા વિસ્તાર હતો ત્યાં સાઈન ગાડી રોડની જમણી તરફથી સાઈડમાં મેંદરડા બાબરતીર્થ તેઓ જતા હતા તેવુ જણાવેલ અને ગાડી જોતા તેનો મોરો બાબરતીર્થ તરફ હતો. સામે એક ફોર વ્હીલ ગાડી હતી હતી તે કયા કલરની હતી તે ખ્યાલ નથી. સદર ટુ વ્હીલ તથા ફોર વ્હીલ ગાડીના નંબર તેઓને ખબર નથી. ટુ વ્હીલ સાઈન ગાડીનું આગળનું ટાયર નુ મેગવ્હીલ તુટી ગયેલ હતુ જયારે મોરો ભાંગી ગયેલ હતો. નિલેશભાઈએ જણાવેલ કે તેઓ અકસ્માત થયો તે સમયે એક ભાઈ સાથે પોતાની વાડી જતા હતા. નિલેશભાઈએ એકસીડન્ટ કેવી રીતે થયેલ તે જણાવેલ નહી. આ જગ્યાની ચતુર્દીશા તેઓ જાણતા નથી. આ ટુ વ્હીલના માલિક બાબુભાઈ હોવાનું તેઓને નિલેશભાઈએ જણાવેલ. તેમને આ કામે કરેલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે આ કામે આંક–૧૬ થી રજુ રાખેલ છે.

સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, નિલેશ ભાઈ બાબુભાઈ તેઓના ગામના હોય જેથી તેઓને ઓળખે છે. પોલીસે તેમની હાજરીમાં બનાવ સ્થળેથી કોઈપણ ચીજવસ્તુ કબજે લીધેલ નથી. તેઓ બોલતા ગયા હોય અને પોલીસ લખતી ગઈ હોય તેવુ બનેલ નથી. તેઓએ પંચનામું વાંચેલ નહી. બનાવ સ્થળ પર તેઓ અગાઉ પણ નીકળેલ છે. સાહેદ જણાવે છે કે તેઓને બનાવ સ્થળે બોલાવતા ત્યાં પણ ગયેલા.

(૧૪) ફરિયાદપક્ષે આંક–૧૭ થી પંચ સાહેદ દિવ્યેશભાઈ ધીરજલાલ ખુંટ નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા તેઓને આ કામના ફરિયાદીના કહેવાથી તેઓ મેંદરડા સાત વડલા વિસ્તારમાં એકસીડન્ટ થયેલ હોય પંચમાં રહેવા જણાવેલ જેથી તેઓ પંચમાં રહેવા ત્યાં ગયેલા. બનાવના બીજા દિવસે તેઓ પંચમાં રહેવા ગયેલા બનાવ સ્થળે તેઓ બપોર પછી આશરે ૪ થી ૫ વાગ્યાની આસપાસ તેઓ બનાવ સ્થળે ગયેલા. બનાવ સ્થળે તેઓ પહોંચતા ત્યાં પોલીસ વાળા, હાર્દિકભાઈ તથા નિલેશભાઈ હાજર હતા. નિલેશભાઈ આગળ ચાલી તેઓને બનાવવાળી જગ્યા બતાવેલ જગ્યા જોતા તેઓએ જગ્યા જોયેલ જે જગ્યા સાત વડલા વિસ્તાર હતો ત્યાં સાઈન ગાડી રોડની ડાબી તરફથી સાઈડમાં મેંદરડા બાબરતીર્થ તેઓ જતા હતા તેવુ જણાવેલ અને ગાડી જોતા તેનો મોરો બાબરતીર્થ તરફ હતો. ત્યાં અન્ય કોઈ ગાડી નહોતી. સદર ટુ વ્હીલ તથા ફોર વ્હીલ ગાડીના નંબર તેઓને ખબર નથી. ટુ વ્હીલ સાઈન ગાડીનું આગળનું વ્હીલ ભાંગી ગયેલ હતુ આમ જોવા જઈએ તો આખી ગાડી ભાંગી ગયેલ હતી. નિલેશભાઈએ જણાવેલ કે તેઓ અકસ્માત થયો તે સમયે એક ભાઈ સાથે પોતાની વાડી જતા હતા. નિલેશભાઈએ એકસીડન્ટ કેવી રીતે થયેલ તે જણાવેલ નહી. આ જગ્યાની ચતુર્દીશા તેઓ જાણતા નથી. આ ટુ વ્હીલના માલિક બાબુભાઈ હોવાનું તેઓને નિલેશ ભાઈએ જણાવેલ. આ કામે કરેલ પંચનામું આંક–૧૬ વાળુ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેમની પંચ–૨ તરીકે સહી છે.

સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, પોલીસે પંચનામુ તૈયાર કરી લખી આપેલ તેના પર તેઓએ સહી કરેલ. નિલેશભાઈ તેઓના ગામના વ્યકિત હોવાથી તેમને ઓળખે છે. કહેવાતા પંચનામાના સમયે તેઓ ખેતરે ગયેલ હતા. બનાવવાળા સ્થળે તેઓને અવાર નવાર નીકળવાનું થતુ હોય છે. નિલેશભાઈ તેમના જાણીતા હોય જેથી તેના સમર્થનમાં હું અહી કોર્ટમાં જુબાની આપવા આવેલ છે.

(૧૫) ફરિયાદપક્ષે આંક-૧૯ થી સાહેદ વૈભવભાઈ બાલુભાઈ બોરડ નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૨૩/૪/૨૪ ના રોજ તેઓ મેંદરડા સી.એચ.સી. ખાતે ડોકટર તરીકે તેમની ફરજ પર હાજર હતા ત્યારે આશરે રાત્રે ૧૦ કલાકે ૧૦૮ દવારા બાબુલાલ હરીભાઈ ડોબરીયા તથા ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયાનાઓને લાવેલ. બાબુલાલ હરીભાઈ ડોબરીયાને તપાસ કરી પુછતા તેમણે જણાવેલ કે તા. ૨૩/૪/૨૪ ના રોજ આશરે રાત્રીના ૯.૩૦ કલાકે અંબાળા રોડ પર સાત વડલા નજીક ટુ વ્હીલપર જતા હોય ત્યારે એક ફોર વ્હીલ સાથે અકસ્માત થયેલ. બાબુલાલ હરીભાઈ ડોબરીયાને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાયેલ.

ઈજા નં. ૧ તેઓને જમણા સાથળના ભાગે સોજો (જે ફ્રેકચર હોવાની શકયતા હોઈ શકે તથા જમોણો ગોંઢણ ડીસલોકેટ હોઈ શકે) હતો.

ઈજા નં. ૨ તેઓને ડાબા ગોઠણની નીચે સોજો (જે ફ્રેકચર હોવાની શકયતા હોઈ શકે) હતો.

ઈજા નં. ૩ તેઓને ડાબા ગાલ પર છોલાયેલાના નિશાનો હતા.

ઈજા નં. ૪ તેઓને ૨ * ૧ સે.મી. સી.એલ. ડબલ્યુ. જણાયેલ.(જમણી સાઈડ કાનની ઉપર ભાગે)

ઈજા નં. ૫ તેઓને જમણા હાથ પર કોણીથી નીચેના ભાગે સોજો જણાયેલ.

ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયાને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાયેલ.

ઈજા નં. ૧ તેઓને જમણા ખભાના ભાગે સોજો જણાયેલ.

ઈજા નં. ૨ તેઓને જમણી સાઈડ કમરના ભાગે મુંઢ માર લાગેલ જણાયેલ.

સદર બંનેને ઈન્ડોર પેસેન્ટ તરીકે તા. ૨૩/૪/૨૪ ના રોજ કલાક રાત્રીના ૧૦.૦૦ વાગ્યે તેઓની સારવારમાં આવેલ આવેલ અને તેઓને તા. ૨૩/૪/૨૪ ના રોજ કલાક રાત્રીના ૧૦.૨૦ કલાકે જુનાગઢ સિવીલ હોસ્પીટલ ખાતે વધુ સારવાર અર્થે રીફર કરેલ. જે તેમના હસ્તાક્ષરમાં છે જે એમ.એલ.સી. આજરોજ કોર્ટમાં આં ક–૨૦ થી ૨૧ રજુ કરેલ છે. તેઓ આજરોજ તેમની સાથે બંનેના ઓપીડી કેસ પેપર્સ લાવેલ છુ. જે અસલ આ કામે આંક–૨૨ થી ૨૩ રજુ કરેલ છે.

સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, બંનેના ઓપીડી કેસ પેપર્સમાં કોઈપણ વાહનનું નામ કે નંબર જણાવેલ નથી. બંનેના એમએલસી સર્ટીફીકેટમાં કોઈપણ વાહનનું નામ કે નંબર જણાવેલ નથી. આ બંનેને હાયર સેન્ટર ખાતે રીફર કરેલ હોય તેનો કોઈ આધાર પુરાવો તેઓએ કોર્ટમાં રજુ રાખેલ નથી.

(૧૬) ફરિયાદપક્ષે આંક–૨૯ થી સાહેદ શૈલેષભાઈ દિપકભાઈ સોંદરવા નાઓએ સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૨૪/૦૪/૨૦૨૪ ના રોજ પીએસઓશ્રીએ આ કામેના ફરીયાદી બાબુલાલ હરીભાઈ ડોબરીયાની જુનાગઢના ડી.ઓ.ના આધારે તા. ૨૩/૦૪/૨૦૨૪ ના સાંજના નવ સાડા નવ વાગયાના અરસામાં બનેલ વાહન અકસ્માતની ડીટેલ ફરીયાદ લીધેલ જે ડી.ઓ. આંક–૩૦ થી રજુ રાખેલ છે. મેંદરડા પો સ્ટે ગુર નં. ૧૧૨૦૩૦૩૯૨૪૦૧૪૬ ઈપીકો કલમ ૨૭૯,૩૩૭ એમવીએકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબ રજી. કરી આગળની તપાસ તેઓને ડે.હુકમ સાથે સોંપલ જે અમોએ સંભાળી લીધેલ. જે ડે.હુકમ આંક–૩૧ થી રજુ રાખેલ છે. આ કામે તેઓએ બનાવ સ્થળે પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ બનાવ સ્થળનુ પંચનામુ કરેલ તેમને આંક–૧૬ વાળુ પંચાનામુ બતાવવામાં આવે છે જેમાં રૂબરૂ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદના સારવાર સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ

આરોપીને સીઆરપીસી કલમ ૪૧(એ) મુજબ નોટીશ આપી હાજર રહેતા તેનો ખુલાસો લીઘેલ અને વાહનના કાગળો રજુ કરતા કામમાં સામેલ રાખેલ જે તેઓ કોર્ટમાં રજુ કરવા માંગે છે. જે રજુ થયેલ દસ્તાવેજોને ફરીયાદી પક્ષ દવારા આંકે પાડવા અરજ કરતા આરોપીના વિ.વ.શ્રી દાવરા સદર દસ્તાવેજોને આંકે પાડવા અંગે વાં ધો લીઘેલ છે અને એવી રજુઆત કરે છે કે રજુ કરેલ દસ્તાવેજો ઝેરોક્ષ નકલ હોઈ જેથી આંકે પાડી શકાય નહી. બંને પક્ષોની દલીલો સાંભળી તેમજ રજુ થયેલ દસ્તાવેનો ધ્યાને લેતા તપાસ કરતા અધિકારી દવારા જે દસ્તાવેજો રજુ કરવામાં આવે છે તે દસ્તાવેજો આરોપીના ડ્રાઈવીંગ લાયસન્સ, ગાડીની આર સી બુક, ઈન્સયોરન્સ, આરોપીનુ આધાર કાર્ડ તથા ફરીયાદીના ગાડીની આર.સી.બુક તથા આધાર કાર્ડની નકલ રજુ રખેલ ઉપરોકત દસ્તાવેજો પૈકી લાયસન્સ, ગાડીની આર સી બુક તથા ઈન્સયોરન્સ આરોપીના કબ્જામાં છે અને ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૬૫(૧) મુજબ જયારે અસલ દસ્તાવેજો વીરોધી પાર્ટીના કબ્જામાં હોય તો સેકન્ડરી એવીડન્સને પુરાવા તરીકે ગણી શકાય. આમ ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૬૫ માં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાતોને ધ્યાને લેતા સદરહુ દસ્તાવેજોને આકે પાડવા વ્યાજબી જણાતા હોઈ જેથી દસ્તાવેજોને આંકે પાડવામાં આવે છે અને આરોપી દવારા લીઘેલ વાંધાને નામંજુર કરવામાં આવે છે. જે આંક–૩૨ થી ૩૫ રજુ કરી આ કામે ફોર્મ નંબર ૧,૨,૩ ભરી તપાસના કામે સામેલ રાખેલ. જે આં ક–૩૬ થી ૩૮ રજુ કરી અને આ કામે સાહેદ ચીમનભાઈના સારવાર સર્ટીમાં તેઓને કમરના ભાગે ફ્રેકચર ઈજા તથા ખભાએથી હાથ ખડી ગયાનુ લખાઈ આવેલ હોય આઈપીસી કલમ ૩૩૮ નો ઉમેરો કરી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, તેઓએ બાબુભાઈ હરીભાઈ તથા ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયાનું ડ્રાઈવીંગ લાયન્સન્સ કબ્જે લીઘેલ નહી. તેઓએ ફરીયાદીનું વિશેષ નિવેદન લીઘેલ નથી. કહેવાતા બનાવ વાળી જગ્યાનો રોડ વણાંક વાળો છે. કહેવાતા બનાવાવાળા સ્થળ પાસે રહેણાકી મકાનો આવેલ છે. સાત વડલા વિસ્તારથી લઈ

અકસ્માત વાળા વિસ્તાર સુધી સ્પીડ બ્રેકરો આવેલ છે. કહેવાતા બનાવ સ્થળે વાહનોની અવર જવર ચાલુ હોય છે. સાહેદોના તેમના નિવેદનોમાં વાહન કેટલી ઝડપથી જતુ હતુ તે જણાવેલ નથી. સાહેદોએ તેમના નિવેદનોમાં આરોપીએ બેદરકારીથી અને ગફલતભરી રીતે ડ્રાઈવીગ કરેલ હતુ તેવી હકીકત જણાવેલ નથી. આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૭) સદર કામે ફરિયાદપક્ષનો રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો સદરહું અકસ્માતમાં વાહન ફોરવ્હીલ કાર જેના નં.GJ-03-LB-2293 ગ્રે કલરની કારના ચાલકે ફરિયાદી તથા અન્ય ઈજા પામનાર સાહેદને હડફેટે લઈ ફરિયાદીને બન્ને હાથમાં છોલાણ તથા બન્ને પગમાં મુંઢ ઈજા તથા સાહેદ ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયા નાઓને ખંભાના ભાગે, કમરના ભાગે, શરીરમાં છોલાણ તથા ગંભીર ઈજાઓ કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. ફરિયાદી આંક–૬ ની જુબાનીમાં તેઓને અકસ્માત કરનાર કારના નંબર બાબતે કંઈ ખબર નથી અને તેઓએ બનાવ સ્થળે ચાલક કોણ હતા તે તેઓએ જોયેલ નથી અને ચાલકની તેઓને જાણ નથી તેવું સરતપાસમાં જણાવેલ છે.

(૧૮) ISSUE OF INDENTITY AND IDENTIFICATION OF DRIVER

સદરહું કેસના ગુણદોષની વિગતવાર ચર્ચા કરતા પહેલા બચાવપક્ષે સદર કામે ઓળખ અંગેની તકરાર લીધી છે. તે અંગે કાયદાકીય સિધ્ધાંતને ધ્યાનમાં લેવા માં આવે તો શકમત આરોપી જે કહેવાતા ગુનામા સંડોવાયેલ છે અને તેની હાજરી અને ઓળખ પુરવાર કરવાનો બોજો ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ ફરિયાદપક્ષ ઉપર રહે છે. ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ ૧૦૧ મા સાબીતીના બોજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે જે જોવામાં આવે તો, '' જે કોઈ પક્ષ એમ ઈચ્છતો હોય કે તેણે જણાવેલ હકીકતનો સાબીતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસર હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો

તે પક્ષે સાબીત કરવુ પડશે કે તે હકકીત અસ્તિત્વમાં છે'' તેમજ ફોજદારી કેસમાં ફરિયાદપક્ષે પોતાનો કેસ સચોટ, મજબુત પુરાવાના આધારે સાબીત કરવો પડે, તે આરોપીની બચાવની નબળાઈનો લાભ ગેરલાભ લઈ શકતા નથી. કારણકે, કાયદાકીય મુજબ પોતાની નિર્દોષતા સચોટ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે, તેવી કોઈ કાયદામાં જોગવાઈ નથી. સદર કામે ફરિયાદપક્ષે અકસ્માતમાં સંડોવાયેલ કાર જેના નં. GJ-03-LB-2293 થી જે સદરહું અકસ્માત થયેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ નથી. ત્યારે ફરિયાદપક્ષે એ હકીકત પણ પુરવાર કરવાની રહે છે કે, સદરહું અકસ્માતમાં સંડોવાયેલ વાહન આરોપીની માલીકીનું હતુ તેમજ આરોપીના કબજામાં હતુ અને સદરહું વાહન જે હાલના આરોપી અકસ્માત સમયે ચલાવતા હતા તેવી હકીકત પુરવાર કરે તો તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર આવેલ હકીકતના આધારે ભારતીય પુરાવા અધિનિયમની–૧૮૭૨ ની કલમ–૧૦૩ મુજબ સદરહું વાહન આરોપી ચલાવતા હતા તેવી ચોકકસ હકીકતે સાબીતીનો બોજો ફરિયાદપક્ષે રહે છે. પરંતુ સદરહું કામે ફરિયાદપક્ષનો રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો અકસ્માતમાં સંડોવાયેલ વાહન માલીક અંગેના પુરાવા સરળતાથી તપાસ કરતા મેળવી શકાય, સરળતાથી ઓનલાઈન કે આર.ટી.ઓ.માં તપાસ કરતા મેળવી શકાય અને વાહનના માલીક, ફરિયાદ પક્ષ સરળતાથી પુરવાર કરી શકતા હોય, તેમ છતાં ફરિયાદપક્ષે અકસ્માતમાં સંડોવાયેલ વાહન આરોપી જ ચલાવતા હતા તેવો કોઈ પુરાવો રજુ કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપરથી જણાઈ આવતી નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સદરહું ગુનામાં હાલના આરોપીની સંડોવણી માની શકાય નહીં અને તે સંજોગોમાં આ અંગે નીચે મુજબનો કાયદો ધ્યાને લેવો જરૂરી બને છે.

**AIR 1979 (S.C) 1127 - KANAN V/S STATE OF KERALA**
સદર ચુકાદમાં ઠરાવેલ છે કે

***Section 9*** *- Identifivation of accused-Test identification parade-Probative value-Necessity of parade where the witness had not known the accused-Effect of not holding the parade.*

*Where a witness identifies an accused who is not known to him in the court for the first time, his evidence is absolutely valueless unless there has been a previous I.T parade to test his powers of observations. The idea of holding I.T parade under section-9 of the evidenece Act isto test the veracity of the witness on the question of his capability to identify an unknown person whom the witness may have seen only once. If no T.I parade is held then it will be wholly unsafe to rely on his bare testimony regarding the identification of an accused for the first time in court. In these circumstances therefore, we feel that it was incumbent on the prosecution in theis case to have arranged T.I. parade and get the identification made before the witness was called upon to identify the appellant in the court. On this ground alone, the testimony of P.W.25 becomes unworthy of credence and must be excluded from consideration.*

***AIR 2011 (S.C) 1436 - RABINDRA KUMAR PAL@ DARA SING V/S REPUBLIC OF INDIA..*** સદર ચુકાદના પેરા.૧૫ માં નામદાર સુપ્રિમ કોર્ટે અ◌ે અ◌ા અંગે અનેક ચુકાદાઅ◌ોની ચર્ચા કરી ઠરાવેલ છે કે..

*It is clear that identification of accused perons by witness in dock for the first time though permissible but cannot be given credence without further corroborative evidence. Though some of the witnesses identified some of the accused in the dock as mentioned above without corrobortive evidence the dock identification alone cannot be treated as substantial evidence, though it is permissible.*

(૧૯) આ બનાવમાં ફરિયાદીની ફરિયાદ મુજબ ફરિયાદીને તથા તેના મોટા બાપાના દીકરા એટલે કે, તેના ભાઈ ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયાને

ફોરવ્હીલ સાથે અકસ્માત થતાં ઈજા થયેલી. ફરિયાદી આરોપીને ઓળખી બતાવી શકેલ નથી. આંક–૧૦ થી તપાસવામાં આવેલ ઈજા પામનાર ચીમનભાઈ ઠાકરશીભાઈ ડોબરીયાની સરતપાસ જોવામાં આવે તો તેઓએ ફોરવ્હીલ ગાડી નં. GJ-03-LB-2293 હતા તેવું જણાવેલુ અને તેના ચાલકને પણ તેઓએ જોયેલ નથી. આમ, આંક–૧૦ ના ભોગબનનાર વાહન ચાલકને તો જોયેલ નથી તેવું તેમની સરતપાસ ઉપરથી સ્પષ્ટ થાય છે. પરંતુ સરતપાસમાં તેઓએ અકસ્માત સાથે સંડોવાયેલ ફોરવ્હીલ ગાડી નં. GJ-03-LB-2293 લગભગ નામદાર કોર્ટમાં જણાવેલ છે. પરંતુ હવે આજ સાક્ષીની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ કબુલ રાખે છે કે, તેઓએ મેંદરડા સરકારી દવાખાનામા, એકટીવ હોસ્પિટલના ડોકટરને તથા પોલીસને ફોરવ્હીલ ગાડીના નંબર જણાવેલ નથી. સાહેદે સરતપાસમાં તો ફોરવ્હીલ ગાડીના નંબર જણાવેલ પરંતુ જો સાક્ષી બનાવના દિવસે કે સ્થળ ઉપર જો ફોરવ્હીલ ગાડીના નંબર તેઓને ખબર હોત તો તેઓ પોલીસને અથવા ડોકટરને જણાવી શકે પરંતુ સાહેદે પોલીસને કે ડોકટરને ફોરવ્હીલ ગાડીના નંબર જણાવેલા નથી પરંતુ પ્રથમ વખત નામદાર કોર્ટમા જણાવેલા છે. આમ, સાહેદની સરતપાસમાં જણાવેલ ફોરવ્હીલ ગાડીના નંબર સાક્ષીને પાછળથી જાણવા મળેલ હોય તેવું જુબાની આપતી વખતે જાણવા મળેલ તેવુ સ્પષ્ટ સાબીત થાય છે. આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલા સિધ્ધાંતો તથા ખાસ કરીને જયારે હાલના આરોપી આ ગુનામા સં ડોવાયેલા હોય, તે હકીકતને આ કામે તપાસવામાં આવેલા અન્ય કોઈ સાક્ષીઓની જુબાની કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા ઉપરથી સમર્થન મળતુ નથી. તેમજ રેકર્ડ પરના પુરાવાના આધારે એ હકીકત નિ:શંકપણે સાબીત થતી નથી કે, અકસ્માતમાં સંડોવાયેલ વાહન સદરહું વાહનના ચાલક હાલના આરોપી જ હતા.

(૨૦) વધુમાં ફોરવ્હીલ અકસ્માત કેસમાં ગફલતભરીરીતે અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેની જે ધારણાઓ છે તેમાં સૌપ્રથમ ફરિયાદપક્ષે પુરવાર કરવુ જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતા હતા તે સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ હતુ. હવે ફરિયાદી સાથે ભોગબનનારની જુબાની આંક–૧૦ થી જોવામાં આવે તો

તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,''અમે અમારી સાઈડમાં શાંતીથી જતા હતા દરમિયાન સામેથી એક ફોરવ્હીલ પુરપાટ ઝડપે આવતી હતી તેણે સાઈડમાં એક ગાય ઉભેલી તે જોઈ નહીં હોય, અને બ્રેક મારવાના બદલે અમારી સાઈડ તરફ કાવો મારી અમોને ઉડાવી દીધેલ'' તે હકીકત જણાવેલ. સદર સાહેદની જુબાનીથી સ્પષ્ટ થાય છે કે, ફોરવ્હીલ ચાલકે પોતાની ગાડી તેઓની લાઈનમાં ચલાવતા હતા જોકે ફરિયાદી તથા ભોગબનનારની જુબાનીમાં જણાવ્યા મુજબ બનાવ આશરે રાત્રીના નવ થી સવા નવ ના સમયગાળામાં વચ્ચેનો હતો એટલે કે, રાત્રીના સમયનો હતો અને રાત્રીના સમયમાં ગામડાના વિસ્તારમાં રોડ ઉપર લાઈટો હોતી નથી એ સ્વાભાવીક છે. વધુમાં સાક્ષીએ એવું જણાવેલ છે કે, તેઓની ગાડી સામે ગાય આવી જતાં તેઓએ બ્રેક મારેલ નહીં અને કાવો મારેલ અને ફરિયાદી અને ઈજા પામનારને ઉડાવી દીધેલ. જો આવી પરિસ્થિતમાં કારના ચાલક સામે જો એવી પરિસ્થિત બને તો સ્વાભાવીક છે કે તેઓ આવા અકસ્માતને ટાળવા પુરતા પ્રયત્નો કરતા હોય છે આ પરિસ્થિતમાં સાહેદના કહેવા મુજબ ફોરવ્હીલ કાર સામે ગાય આવી ગયેલી અને ફોરવ્હીલના ચાલકે કાવો મારેલો, તેનાથી એટલુ સ્પષ્ટ થાય છે કે કાર ચાલકે ગાયને બચાવવા પુરતા પ્રયત્નો કરતા કાવો મારેલો જેથી એમનો ઈરાદો ગાયને મારવાનો હતો નહિ અને ઓવરટેક કરીને ગાયને બચાવવાનો પ્રયત્ન કરેલો. તપાસ કરનાર અધીકારીની આંક–૨૯ ની જુબાની જોવામાં આવે તો તેઓ પણ કબુલ રાખે છે કે, સાહેદોએ તેમના નિવેદનમાં વાહન કેટલી ઝડપથી જતુ હતુ તે જણાવેલ નથી. આમ, જો ભોગબનનાર તથા તપાસ કરનાર અધીકારીની જુબાની વંચાણે લેવામાં આવે તો, બનાવ વખતે જ્યારે પોલીસને નિવેદન આપવામાં આવેલ ત્યારે ફોરવ્હીલ કારની ઝડપ કેટલી હતી તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, આ કામના વાહન ચાલકની બેદરકારીથી અને ગફલતભરીરીતે ઈજા પામનાર સાથે અકસ્માત કરવાનો ઈરાદો પણ પુરવાર થતો નથી.

(૨૧) અગાઉ ચર્ચા કર્યા મુજબ માત્ર ERROR OF JUDGMENT ના આધાર ઉપર ફોજદારી કે ક્રિમીનલ, બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતમાં પુરાવાના આધારે કારચાલકને બેદરકારીરીતે કે ગફલતભરીરીતે ડ્રાઈવીંગના આધારે દોષિત

ઠરાવી શકાય નહીં. જે અંગે નીચેના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો જોવામાં આવે

- ***1994 Cr.L.J Page No.389 - BADRI PRASAD TIWARI V/S STATE..*** સદર ચુકાદાના પેરા.૮ માં અેમ ઠરાવેલ છે કે..

  *Section-279 of IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injunry to any person. In order to consitute an offence under section-279 of IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injurty to any other person. For the purpose of section-249 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of Judgement. The essential ingredients of Section-249 of IPC are (i) Rash and negligent driving or riding on a public way, (ii) The Act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. while For an offence punishable under Section-304A of IPC, the point to be establish is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 of 304A rash and negligent has to be established, but only distinction is that in section-279*

*rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under section-304A extends to any rash and negligent act falling shortof culpable homicide. As indicated above,rashness or negligence to be established must be more than an error of judgement. Distinction between rashness and negligence is that negligence connot want of proper care, while rashness conveyes the idea of recless doing of an act without consideration of any consequences.*

- ***2009(1)CRIMES(SC) PageNo.5- STATE OF HARYANA VS SHER SING...*** સદર ચુકાદામાં સર્વોચ્ચ અદાલતની ફુલ બેન્ચે અેમ ઠરાવેલ છે કે. .

*when there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could no be sustained.*

(૨૨) આ કામે ડોકટર સિવાય તપાસવામાં આવેલા અન્ય સાક્ષીઓ નજરે જોનાર સાક્ષીઓ નથી અને બનાવની જાણ તેઓને બીજાના માધ્યમથી થયેલી એટલે કે, સાહેદો હીયર્સ વીટનેશ હોય તેની જુબાની અંગે કોઈ ચર્ચા કરવામાં આવતી નથી.

(૨૩) ફરિયાદપક્ષ દ્વારા આંક–૨૪ અને આંક–૨૫ વાળો એકટીવ હોસ્પિટલ, જૂનાગઢના ઈન્જરી સર્ટીફીકેટ કબુલ રાખવામાં આવેલ છે જેથી સર્ટીફીકેટોને કબુલાતથી પુરવાર થઈ ગયેલ છે તેવું અત્રેની કોર્ટનું માનવુ છે. આંક–૧૯ થી વૈભવ બાલુભાઈ બોરડ ને તપાસવામાં આવેલા તેઓએ ઈજા

પામનારની સારવાર કરેલી અને ઈજાઓનું વર્ણન તેમની સરતપાસમાં કરેલ પરંતુ ઉલટતપાસમાં ઓ.પી.ડી. કેસ પેપર્સમાં કે એમ.એલ.સી. સર્ટીફીકેટમાં કોઈપણ વાહનનું નામ કે નંબર જણાવેલ નથી તે હકીકતને સમર્થન આપેલ છે.

(૨૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ રેકર્ડ પરના પુરાવા પરથી તેમજ બન્ને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવળેલ છે કે, સદરહું અકસ્માતમાં સંડોવાયેલ ફોરવ્હીલ વાહન જેનો રજી. નં.GJ-03-LB-2293 નું વાહન બનાવ વખતે તેના ચાલક આ કામના આરોપી જ હતા. તેમજ બનાવ વખતે તે વાહન આ કામના આરોપીએ બેફીકરાઈથી તેમજ બેદરકારીથી માણસોની જીંદગી જોખમમાં મુકાય તે રીતે ચલાવેલ અને તેના કારણે સદરહું અકસ્માત થયેલ છે. તે તમામ સંજોગોમાં ફરિયાદપક્ષ આ કામના આરોપી વિરુધ્ધ આઈ.પી.સી. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ અને એમ.વી.એકટ–૧૭૭, ૧૮૪ મુજબના શીક્ષાપાત્ર ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ સાથે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

(૧) આ કામના આરોપી વિનયભાઈ ડાયાભાઈ કાલરીયા, રહે. રાજકોટ, અંબીકા ટાઉનશીપ સીટી કલાસીક, એ–૬૦૧, તા.જિ.રાજકોટ મુળ રહે. ધણેજ(બાકુલા), તા.તાલાળા, જિ.ગીર સોમનાથ વાળાને આઈ.પી.સી. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪, મુજબના ગુના માંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) જામીનખત તથા જાતમુચરકા રજુ

કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. આ જામીનખત તથા જાતમુચરકા અપીલ સમય સુધી ચાલુ રહેશે.

હુકમ આજ તા.૧૪મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મેંદરડા
તા.૧૪/૦૫/૨૦૨૬.

( કૃષ્ણ સિંહ રાઠૌર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮